# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જાન્યુઆરી–૨૫ વર્ષ : ૬૧ (છેલ્લું વર્ષ)

છેલ્લા સાત માસનું લવાજમ રૂા.૧૫૦/–

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ००૧०૫



ઝરણું...

ગીરી શીખરે ઉદ્ભવીને શૈશવ સહજ પડતું આખડતું
આમતેમ રેલાતું ને એકત્રીત થઈ યૌવન પ્રાપ્ત કરી ધસમસતું
ઉતરે છે અવની પરે ધોધ સ્વરૂપે ઝરણું...
ને સમતળ ધરાનો સાથ મળતાં પ્રૌઢ બની
સકળ જીવોના સ્થાન, ખાન, પાન અને સ્નાન માટે રચે છે
નિર્મળ જળરાશી ઝરણુ...
અંતે વયસ્ક બની વૃદ્ધાવસ્થાના આખરી ચરણમાં
નદી નાળાં અને વહેણના સથવારે
આગળ વધે છે જલધીમાં લીન થવા ઝરણુ...
આમ માનવ જીવનની ચારે અવસ્થાના અંતિમ ચરણમાં
માનવીને સત્સંગ, ભજન કિર્તન અને પ્રભુ સ્મરણના
સથવારે પરમ તત્વમાં લીન થવા પ્રબોધે છે ઝરણુ.

— પ્રિયવદન કે.દેસાઈ, અમદાવાદ.

# નૂતન વર્ષનું સવાર આવું ક્યારે ઉગશે!

કાર્ટુનીસ્ટ : રમેશ બુચ, મુંબઈ




જાણ માટે પણ આ કાર્ટૂન ૭૦ના દશકામાં પ્રકાશિત થયેલ...!!

## પંડિત યુગના પ્રતિનિધિ

**રામનારાયણભાઈ પાઠક** – દેવીભાઈ ખારોડ (કકબ–સપ્ટેમ્બર–૧૯૫૫માંથી)

"સહસ્ત્ર સ્ત્રોતથી ઘેલી નદી જીવનની વહે,
ઘડી શુદ્ધ,ઘડી મેલી,ક્ષણે ના સરખી રહે."

વિદ્વત્તાના વડલા સમા,કેટલાય વડિલ અને કેટલાય સાહિત્યગુરૂ છતાં સહુના શિરછત્ર કરતાં સવિશેષે સહમિત્ર સમા દીસતા,સાહિત્ય ક્ષેત્રે 'સ્વૈરવિહારી' 'દ્વિરેફ' 'શેષ' 'રા.વિ.'તેમ બહુવિધ તખલ્લુસોથી પ્રકાશનાર અને છેલ્લે હજુ હમણાંજ 'કાંટાવાળા પારિતોષીક' મેળવી બહુમાન મેળવનાર વિદ્વવર્ય રામનારાયણભાઈનો જન્મ ઇ.સ. ૧૮૮૭માં એટલે ગૂર્જરદેશે ઉત્તમોત્તમ ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'નો સાહિત્યદીપ પ્રગટયો,તે જ વર્ષમાં અર્થાત્ ગુજરાતના મહાકવિ ન્હાનાલાલના એક દાયકે અને નર્મદના અવસાન પછી એક વર્ષે થયો હતો.ભોળાદના પ્રશ્નોરા નાગર કુટુંબમાં જન્મેલ આ બાળકના પિતા જેતપુરની પ્રાથમિક શાળાના શિક્ષક હતા.પ્રાથમિક શિક્ષણ ભાવનગરમાં મેળવ્યું. ઉત્તરાવસ્થામાં પિતાનો સાહિત્ય અને તત્વજ્ઞાનનો મૂલ્યવાન વારસો પુત્રમાં પણ ઉતર્યો,અને ઇ.સ.૧૯૦૮માં 'રા' બી.એ.માં તત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના ઐચ્છિક વિષય સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.પ્રથમ પત્ની મણિબ્હેન સાથેનું લગ્ન તો પહેલાંથી જ થઈ ગયું હતું.બી.એ.થયા બાદ કાયદાનો અભ્યાસ કરી તે પૂર્ણ થતાં સાદરામાં વકીલાતની શરૂઆત કરી.પરંતુ અલ્પ સમયમાં જ અધ્યાપનના પવિત્ર ક્ષેત્રે તેમને આકર્ષ્યા અને પરિણામે આંટીઘૂંટીવાળો વકીલ વ્યવસાય જીવનથી વેગળો કર્યો.આમ,ભૂતપુર્વ વકીલ ગુજરાત વિદ્યાપીઠના ગુજરાતીના અધ્યાપક બન્યા.તેમનો આ સંન્યાસ સમસ્ત ગૂર્જર–ગિરા માટે આશિષ રૂપ નિવડયો.અને મુ.રામનારાયણભાઈ પૂ.બાપુની વિદ્યાપીઠે ગુજરાતને આપેલાં કિમતી સાહિત્ય રત્નો પૈકીમાંના મૂલ્યવાન રત્ન તરીકે પ્રકાશ્યા.આપણી નાગર જ્ઞાતિના બુદ્ધિગત સંસ્કારો અને સ્વાભાવિક વિનોદ વૃત્તિ તો જન્મથી જ જીવનમાં વણાયેલાં હતાં.

વિદ્યાપીઠમાં અને મુંબઈની ગોકળદાસ તેજપાલ વિદ્યાલયમાં તેમનો સમકાલિન સુહૃદ સમુદાય પણ તેજસ્વી પ્રતિભા સંપન્ન અને કુશાગ્ર બુદ્ધિ કર્મવીરોનો જ હતો.સદગત પૂ.મહાદેવભાઈ દેસાઈ,કવિ કાન્ત,સાક્ષર અને વિદ્યાસભાના પ્રમુખ રસિકલાલ પરીખ,પંડિત સુખલાલજી,પંડિત ધર્માનંદ કોસંબી, મુની જીનવિજયજી, સ્વ. કિશોરીલાલ મશરૂવાળા, કાકાસાહેબ ને કૃપલાણીજી,ઈન્દુલાલ યાજ્ઞિક સહુ તેમના સુહૃદ અને સમવયસ્ક હતા. તેઓ રાષ્ટ્રની હાકલ પડતા કારાવાસી પણ બનેલા,અને બારડોલી સત્યાગ્રહમાં કેસના પૂરાવા એકત્ર કરી તેમજ અન્ય રચનાત્મક કામમાં સેવા આપી દેશ સેવા પણ કરેલી.

કેળવણી ક્ષેત્રે સંપૂર્ણ કાયાપલટ સિવાય પ્રજાજીવનની વ્યથા,વિટંબણા અને વિપત્તિ વધતા જ રહેશે.તેમ તે આદર્શદ્રષ્ટાને લાગ્યું.તેવામાં જ ગાંધીયુગની અસહકારની રણભેરી સમસ્ત દેશમાં વાગી અને રામનારાયણભાઈ જેવા રાષ્ટ્રભાવનાશાળી તેમાં ઝડપાયા અને રંગાયા વિના શાના જ રહે? તેમણે રાષ્ટ્ર કેળવણીમાં ઝંપલાવ્યું અને પછી તો,રાષ્ટ્રના નવનિધાન માટેના આજીવન સાધક રહયા.પછીથી તો ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે અને અમદાવાદની એસ.એલ.ડી.આર્ટસ કોલેજના ગુજરાતીના અધ્યાપક તરીકે પોતાના વિદ્યા વર્ચસના પરમ તેજથી પ્રભાવ પાડનાર અને સમસ્ત ગુજરાતના યુવાનોમાં વિદ્યાર્થી પ્રિય અધ્યાપક તરીકે પ્રશંસા પામ્યા.

શરીર સૌષ્ઠવે કે લેબાસમાં લેશમાત્ર પ્રતિભાશાળી નહિં,જરા પણ રૂપાળો કે ગૌરવર્ણનો ન કહી શકાય એવો એકવડી કાઠીનો સુકલકડી દેહ,છતાં સફેદ ખાદીની ટોપી,ઝભ્ભો ને ધોતી,ઉપર બંડી.આ સાદા અને સુઘડ

પરિધાનમાં સજ્જ વિદ્વવર્ય પ્રતિભા.જ્યારે કોઈપણ પ્રસંગે પ્રવચન આપવા માટે પ્રમુખ કે વક્તા તરીકે ઉપસ્થિત થતી ત્યારે શ્રોતાઓ અને વિદ્યાર્થીગણોમાં નિઃસ્તબ્ધ શાંતિ પ્રસરતી અને સરસ્વતીનો અખંડ તેજસ્વી પ્રવાહ વહે તેમ તેમનો વિદ્વતાભર્યો વાણીસ્ત્રોત વહેતો,જે શ્રોતાગણોને મંત્રમુગ્ધ કરતો તેમજ વિષયનું ગહન ઊંડાણ માપવાનું તેમની મેઘાના દર્શન થતાં.પ્રથમ દર્શને ગંભીર એકલવાયા ને અલિપ્ત,એકાંતપ્રિય લાગતા.સાદાઈને સાધુવૃત્તિ વાળા દીસતા.રામનારાયણભાઈમાં વિષયની ગંભીરતા સાથે હાસ્યવૃત્તિ અને વિદ્યાર્થી પ્રિય વિનોદવૃત્તિ પણ પુષ્કળ પ્રમાણમાં હતાં.વિદ્યાવ્યાસંગીપણાનો દંભ નહી,સાક્ષરી હોવાનો ઘમંડ નહી.અધ્યાપક છતાં આડંબરી નહિં.જેને કારણે સાક્ષરી જ્ઞાન અને માનના અધિષ્ઠાતા બન્યા.

હવે આપણે રામનારાયણભાઈને સાહિત્ય ક્ષેત્રમાં તેમણે કરેલી સેવાની તવારિખ તપાસીએ,

અણુશા માનવી કેરી કથાના કાંડકાંડમાં,વિરાટ ભરતના જાણે સત્યના રશ્મિ ઉઠતાં.

સુંદશ્રજી બેટાઈની આ કાવ્ય પંક્તિ અનુસાર 'રા' એ સાહિત્યના અનેક ક્ષેત્રે આપેલ ફાળામાં તેઓ સદાય અને સત્ય માટે જ આગ્રહ સેવતા.

યુગમહિમાના મૂલ્ય સમજાવતા માસિક 'યુગધર્મ' અને પાછળથી 'પ્રસ્થાન' સમા શિષ્ટ સંસ્કારી અગ્રગણ્ય અને વિદ્વાન તંત્રી તરીકે કોણ નથી પિછાનતું? પ્રસ્થાનમાં 'રા'ના નામે આવેલાં પુસ્તક પરિચયનાં પૃષ્ઠો આજે પણ ઉપયોગી છેજ.'વિચાર–સંક્રમણ'નાં શીર્ષક નીચે ગાંધીયુગની વિચારસરણી,ચિંતન,ઊંડા અભ્યાસ દ્રષ્ટિની પ્રતીતિ નથી કરાવતું? 'સ્વૈર વિહાર'ની તંત્રી નોંધ આજે પણ એટલી જ રસપ્રદ નથી લાગતી? 'પ્રસ્થાન' દ્વારાજ તેમના રાજકારણ,સમાજ,કેળવણી,ધર્મ ઈત્યાદિ પરના તેમના લેખથી તેમની સાહિત્ય શક્તિની અને વિચાર ગહનતાની પરિપક્વતાની પ્રજાને જાણ થઈ.'યુગધર્મ' અને 'પ્રસ્થાન'ના પુરાણા અંકો આજે પણ સંસ્કાર દ્રષ્ટિએ શિષ્ટ–વર્ગને સાચવવા યોગ્ય સામગ્રી સમા લાગે છે.'પ્રસ્થાન'ના તંત્રી તરીકે આ રીતે 'રા'નો ફાળો મૌલિક છે.જીવન અને સાહિત્યના સમાનતાના જીવંત સંબંધ એ રીતે નવાં મૂલ્ય સ્થાપવાની નવી દ્રષ્ટિ તેમણે આપી છે.

અમદાવાદનાં કલા–પ્રદર્શને 'રા'ની કલાપ્રેમીપ્રવૃત્તિ અને કલાના અભ્યાસની કદર કરાવી, અને તેમનાં વિદ્યાવર્ચસે સહુને આકર્ષ્યા.નડિયાદ સાહિત્ય પરિષદના અને કરાંચી સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ અને રાજકોટ સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા ત્યારે પણ પરિષદનું સુકાન સંભાળે ત્યારે પણ સૌને સાંભળે,ચર્ચા કરે અને લોકશાહી વર્તાવ દાખવી સર્વમાન્ય તેવું કોઈપણ ઠરાવનું સ્વરૂપ ઘડે.સાહિત્યમાં ઉગતા અને ચંચુપાત કરનારા લેખક પ્રત્યે તો ઉપેક્ષા નહી પણ ઉદારભાવે પ્રેરણા અને પીઠબળ આપે,સાથોસાથ નબળી બાજુનો નિર્દેશ કરે છતાં નિરાશ ન જ કરે.ગુજરાત વિદ્યાસભાએ તેમનું વિદ્યાવર્ચસ પારખ્યું.

કાવ્યક્ષેત્રે 'કાવ્ય સમુચ્ચ' દ્વારા કવિતા દેશે 'રા'ને સુંદર માર્ગદર્શન આપ્યું અને 'શેષ'ના કાવ્યો આજના અગ્રણી કવિઓ માટેની પ્રેરણારૂપ થઈ પડયાં.સ્વૈરવિહારી તરીકે 'જેલવિહાર'ના રમૂજી અનુભવો,મર્માળી લેખન કળા કે 'નળાખ્યાનનો હાસ્યરસ''કાવ્યની શક્તિ',પૂર્વાલાપનું સંપાદન',વિરાજ વહૂ'ની પ્રસ્તાવના ઇત્યાદિ નિબંધો દ્વારા 'રા'ની સમર્થ વિચારક સાથે મૌલિકતાથી ભારોભાર ભરેલી વિદ્વદ્ કોટિની સાક્ષી નથી પૂરતાં? પિંગળ શાસ્ત્રના ગ્રંથ માટે જ તેમને કાંટાવાળા પારિતોષિક મળેલ.

દ્વિરેફની વાતોના ત્રણ ભાગ દ્વારા નવલિકાકાર તરીકે સંસાર નિરિક્ષણ,જીવનનો ઊંડો અભ્યાસ,માનવ સ્વભાવનું તાદ્રશ્ય નિરૂપણ,સચોટ છતાં સંક્ષિપ્ત,પાત્રાલેખન સાથે સાથે સજીવ વાતાવરણ અને મર્માળું હાસ્ય,એ ઉપરાંત સામુદાયિક સંવેદનશીલતા સાથે વણાઇ ગયેલી વિવેકભરી વસ્તુ–સંકલના.તે 'રા'ની વિશિષ્ટતા નથી

દીસતી? 'મુકુંદરાય'ની નવલિકા આજે પણ ગુજરાતની ગણનાપાત્ર શ્રેષ્ઠ–નવલિકામાં પસંદગી પામે છે.

છેલ્લે છેલ્લે પ્રધાનતઃ વિવેચક તરીકે 'રામનારાયણભાઈ' ઉત્તમ અને સમર્થ વિવેચક હતા.વિવેચનનાં ઊંડાણમાં તેમના જેવી વ્યાપેલી પારદર્શક,પ્રામાણિક જીવન દ્રષ્ટિ કોઈની નથી જ.જે કંઈ લખે–કહે તેમાં લાગણી વિવશતા નહિ,આવેશ નહિ,અનુરાગ નહિ પરંતુ નિષ્પક્ષપાતી નિર્મળ દ્રષ્ટિથી ને અદાથી સંપૂર્ણ સજાગ રહીને વિચારીને જ લખે ને કહે. જાણે પે..એ..લું 'પ્રસ્થાન'નું સૂત્ર 'દ્રષ્ટિપૂતં ન્યસેત્ સદ્રમ્' જીવનમાં ઊતાર્યુ ન હોય? સત્યનિષ્ઠ, ને મૌલિક વિવેચનકાર તરીકે તેમનું સ્થાન અને માન વિવેચન ક્ષેત્રે ઘણું જ અદ્વિતીય અને મહત્વનું છે,તેમ વિદ્વાનોએ સર્વાનુમતે સ્વીકાર્યું છે.

ગુજરાતમાં તો સ્વ. વિદ્વદ્વર્ય સૌજન્યમૂર્તિ આનંદશંકરભાઈ કે સ્વ.કિશોરીલાલ મશરૂવાળાની કોટિનું આ છેલ્લું મહામૂલ્ય રત્ન હતું.વિવિધ ક્ષેત્રમાં અર્પેલું સાહિત્ય–સર્જનની વિવિધતા ને વિશિષ્ટતા તેમની ચિરંજીવ સ્મૃતિ માટે અલ્પ અને અપૂરતાં નથી જ.શ્રી સ્નેહરશ્મિએ અંજલિ આપતાં કહ્યું છે તેમ 'રામનારાયણભાઈ'માં 'સત્યમ્–શિવમ્–સુંદરમ્'નો સુભગ ત્રિવેણી સંગમ હતો.છેલ્લે ગુજરાતી– વ્યાકરણ આપવાની તેમની મહેચ્છા વણ પૂરાયેલી જ રહી,અને ગુજરાત તેટલું નિર્ધન રહ્યું.

'રા'ની પોતાની જ પંક્તિમાં કહીએ તો,"મુજ જીવનના સૌ શેષનું,કોઈને ખાતર કરજે,
કોમાં નવજીવન ભરજે,જ્યારે આ આયખું ખૂટે મુજ જીવનનો તાંતણો તૂટે."

તેમાં પ્રાર્થનારનો પોતાનોજ જીવનનો તાંતણો આજે ખરેખર તૂટયો છે,ત્યારે તેમનાં જીવન દરમ્યાન ખેડેલાં વિવિધ ક્ષેત્રોરૂપી ખાતરમાંથી ભાવિ પેઢીને અવશ્ય પ્રેરણા મળશે જ તે દીવા જેવું સત્ય છે.

અંતમાં સાભ્રમતી(સાબરમતી)તટે પાંગરેલ અને જીવનનાં મહામૂલાં વર્ષો અર્પનાર ગુજરાતી સાહિત્યનો પંડિતયુગનો છેલ્લો પ્રતિનિધિ અને મહાન સંસ્કારપ્રણેતા તેમજ અનેક સાક્ષરોનો સર્જક મુંબઈના સાગર તટે સદાને માટે પોઢી ગયો અને મહાગુજરાત તે વિદ્વદ્વર્ય વિભૂતિની વિદાયથી રંક બની ગયું છે.'ભણવું અને ભણાવવું' તેવો આજીવન બ્રાહ્મણ–ધર્મ પાળનાર,સાહિત્ય સમૃદ્ધિમાં મૂલ્યવાન ફાળો આપનાર તેજસ્વી પ્રતિભાસંપન્ન મેધા–વિભૂતિ સમા સાહિત્યના આ અખંડ ને આજીવન વ્રતધારી 'રા'ને નામે જગત્સાહિત્યમાં પ્રવેશ કરતાં ગૂર્જરીનું ગૌરવ અનુભવશેજ તે નિર્વિવાદ હકીકત છે.

'હુતં ચ દત્તં ચ તથૈવ તિષ્ઠતિ' તેમ શારદયજ્ઞમાં જેનું સૌરભવંતુ સમર્પણ ગૂર્જરી ભાષા રહેશે ત્યાં સુધી ચિરંજીવ રહેશેજ–તેવા તે વિદ્વદ્વવર્યને નમો નમસ્તે!

## હાર્દ વસાવડા જિલ્લા કક્ષાની કલા મહાકુંભમાં તબલા સ્પર્ધામાં પ્રથમ સ્થાને..



ગુજરાત રાજ્યના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે તા. ૫ જાન્યુઆરીના રોજ જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ યોજાય ગયો, જેમાં ગાંધીનગર ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયમાં ધોરણ- ૯માં અભ્યાસ કરતા કલાકાર હાર્દ મોહનીશભાઈ વસાવડાએ ગાંધીનગર જિલ્લા વતી ૧૫ થી ૨૦ વર્ષ જૂથના તબલા વાદનમાં પોતાની કલાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી, જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર મેળવ્યાં.

ચિ. હાર્દએ આ વખતે જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક હાંસલ કરી હેટ્રિક સર્જી છે; ગત વર્ષે ગાંધીનગર જિલ્લાની કલા મહાકુંભમાં પ્રથમ સ્થાન મેળવી પ્રદેશ કક્ષાએ તૃતીય ક્રમાંક મેળવ્યો હતો.

# શ્રી રાજકોટ સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ.

સંસ્થાના ઉપક્રમે જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને પ્રોત્સાહક પુરસ્કારો એનાયત કરવાનો કાર્યક્રમ બુધવાર, તા.૨૫-૧૨-૨૦૨૪ સાંજે વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી મકરંદભાઈ વોરાનાં અધ્યક્ષસ્થાને તથા રાજકોટની કોટક સાયંસ કૉલેજના નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી હેમંતભાઈ બૂચનાં અતિથિવિશેષ પદે શ્રી નાગર બોર્ડીંગ ખાતે યોજાયેલ; જેમાં શ્રી હાટકેશ્વર સંસ્થા, શ્રી નાગર યુવક મંડળ, શ્રી અખિલ ભારતીય નાગર પરિષદ, કચ્છ નાગર પરિવાર વગેરે રાજકોટ સ્થિત જ્ઞાતિ સંસ્થાના દિગ્ગજોની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ હતી.

અતિથિવિશેષશ્રીનાં કરકમળોથી મંગલ દીપપ્રાગટ્ય બાદ શ્રી અર્પિત હિમાંશુભાઈ ઘોડાએ તબલાં તથા હાર્મોનિયમની વાદ્ય ઉપકરણ સંગાથે પ્રાર્થના ગીત-ગાયન કર્યું હતું. શ્રી નિમિત ચિંતનભાઈ કિકાણીએ કરાઓકે પર ગાયન રજૂ કર્યું હતું.

પ્રમુખ શ્રી દેવાંગભાઈ મંકોડીએ ટ્રસ્ટીશ્રીઓ તેમ જ અતિથિવિશેષશ્રીનો પરિચય કરાવ્યો હતો. અધ્યક્ષસ્થાનેથી શ્રી મકરંદભાઈ વોરાએ સ્વાગત પ્રવચન કરેલ તેમ જ એમના પરિવાર વતી શ્રીમતી શર્મિષ્ઠાબેન વોરા તરફથી દિવંગત ભાઈ રાજેન્દ્રભાઈ ચંદુલાલ અંજારિયાનાં સ્મારક અનુદાનરૂપે ટ્રસ્ટને ₹.૧૧,૦૦૦/- સખાવત ઘોષિત કરેલ. અતિથિવિશેષ શ્રી હેમંતભાઈ બૂચે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું તેમ જ પોતાના તરફથી વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને જ્ઞાનવર્ધક પુસ્તિકાઓની સપ્રેમ ભેટ આપી હતી.

કુલ ૫૩ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને પુરસ્કૃત કરવામાં આવ્યાં. જેમાં શ્રી મુકેશભાઈ તથા સ્મિતાબેન દેશાઇ તરફથી સ્વ.કાનનબેન મુકેશભાઈ દેશાઇ વિશેષ સ્મારક પુરસ્કારરૂપે ₹.૧,૦૦૧/- અનુદાન આપવામાં આવ્યું. અતિથિવિશેષશ્રી, ટ્રસ્ટીઓ સર્વશ્રી મકરંદભાઈ વોરા, શૈલેષભાઈ વસાવડા, યોગેન્દ્રભાઈ વોરા અને નયનાબેન છાયા તથા મુકેશભાઈ-સ્મિતાબેન દેશાઇ વતી શ્રી ધર્માંગભાઈ જયેશભાઈ કિકાણીના વરદ હસ્તે પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા.

કાર્યક્રમ સંચાલન ટ્રસ્ટી જલેન્દુ જોશીપુરા તથા શ્રીમતી જ્યોતિબેન અંજારિયાએ તથા આભારદર્શન શ્રી યજ્ઞેષભાઈ માંકડે કર્યું હતું.

- જલેન્દુ અજિતરાય જોશીપુરા

**વડોદરા** : અત્રેના ૭૦ જેટલા વરિષ્ઠ નાગરિક મંડળો ઉપરના 'એજ કેર ફેડરેશન'નું ૧૭મુ અધિવેશન યોજાય ગયું. જેમાં બહોળી સંખ્યામાં વડીલોની ઉપસ્થિતિમાં જાણીતા આયુર્વેદ તજજ્ઞ, હાસ્ય કવિ ડો. રાજેન્દ્ર કે. હાથી -કવિ રાજન-નું બહુમુખી પ્રતિભા તરીકે સંસ્થાના મહામંત્રી શ્રી વિજય વૈશ્વિકરના હસ્તે પ્રશસ્તિ પત્ર તથા સાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. આ સંસ્થા ૧૯૯૯થી સતત કાર્યરત છે.




નાના ફોફલિયાની પ્રતિભા ઇલેસી નફા પ્રાઇવેટ લિમિટેડ ખાતે મહાગુજરાત સાહિત્ય પરિષદના સૌજન્યથી ૧૦૦ જેટલા પુસ્તકોના લેખક ડો. દીપક કાશીપુરીયા, ગણપતભાઈ નાયી તથા નરવતસિંહ રાઠવાના આઠ સમાજલક્ષી પુસ્તકોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં ડો. રાજેન્દ્ર કે. હાથી-કવિ રાજન-નું 'સાહિત્ય વિશારદ' એવોર્ડ એનાયત કરી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

**સુરત** : અત્રે સ્થિત ચિ. શ્રિયા વૃશાંક- દર્શિતા વસાવડા (ધો.૮) એ તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગતની વિવિધ સ્પર્ધાઓ માંની શોર્ટપૂટ (ગોળા ફેંક) સ્પર્ધામાં તાલુકા કક્ષાએ તૃતીય ક્રમાંક મેળવ્યો.

## ઉદ્યોગસાહસી બે પેઢીના સંઘર્ષ અને સફળતાની ગાથા ..

# શ્રી અજય બુચ-હર્ષ બુચ

લીમડી ખાતે સ્વતંત્ર પ્રેક્ટિસ કરતા પુરા ઝાલાવાડ પંથકમાં નામના પ્રાપ્ત સ્વ. ડો. હરિશ્ચંદ્રભાઇ બુચના ઉદ્યોગ સાહસી પુત્ર શ્રી અજય બુચ અને પૌત્ર હર્ષ અજય બુચના સંઘર્ષ અને સફળતા વિશે જાણીએ...

અજય બુચે પ્રાથમિક શિક્ષણ લીમડીમાં મેળવી, માધ્યમિક અને કોલેજ શિક્ષા વડોદરામાં મોસાળમાં રહી મેળવી. શાળાના અભ્યાસ દરમિયાન એનસીસી. માં જોડાયા, જે કોલેજમાં પણ ચાલુ રાખી ૨૬ જાન્યુઆરીની દિલ્હી સ્વાતંત્ર્ય દિન પરેડમાં પણ પસંદ થઈને ભાગ લઈ આવ્યા. તેમની ઈચ્છા એરફોર્સમાં જોડાવાની હતી. પસંદ પણ થયા પરંતુ કુટુંબીજનો મોકલવા સહમત ન થયા. ત્યારબાદ IPS ની પરીક્ષા આપી જેમાં પણ સફળ થયા અને DYSP તરીકે સિલેક્ટ થયા પરંતુ મુલ્ય ને આદર્શ સિદ્ધાંતોને વરેલા પિતાશ્રી હરિશ્ચંદ્રભાઇએ કહ્યું કે 'ખાખી વર્દી' ન જોઈએ! જે આજ્ઞાનું પાલન કરી અજય બુચ ઓટોમોબાઇલ એન્જિનિયરિંગનો અને સાથે કોમર્સ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કર્યો. ૧૯૭૫-૭૬માં બંને અભ્યાસ પુરા કર્યા. ૧૯૭૬માં રાણપુર ખાતે ટેક્સપીન એન્જી. પ્રા. લિ. માં એન્જિનિયર તરીકે નોકરીમાં જોડાયા. સ્વભાવે સાહસી અને ખુદ્દાર પણ ખરા. તેમણે ૧૯૭૭ માં પિતાશ્રી પાસે થી રૂપિયા દસ હજાર હાથ ઉછીના એટલે કે લોન તરીકે લઈ ૧૫૦/- રૂપિયાના ભાડાથી નળિયાવાળી એક ઓરડી ભાડે રાખી એક લેથ મશીનથી સ્વતંત્ર ધંધાના શ્રી ગણેશ કર્યા. ટેક્સપીનનું જોબ વર્ક શરૂ કર્યું અને ૧૯૮૨ સુધીમાં ૧૦ લેથ મશીનના માલિક બન્યા અને ૧૯૮૩માં રાણપુરમાં જમીનનો નાનો ટુકડો ખરીદી શેડ બનાવ્યો.. મહેનત રંગ લાવી અને ૧૯૯૦ સુધીમાં તે ૫૦ લેથ મશીને પહોંચી ને આમ ટેક્સપીન એન્જિનિયરિંગના મોટા 'વેન્ડર' થયા. બાજુમાં જ મોટી જગ્યા ખરીદી ૧૯૯૩માં કુલ બે એકરમાં વિશાળ કારખાનુ ધમધમતું થયું. જેમાં આ જોબ વર્ક ઉપરાંત બેરિંગ બનાવવાનું પણ ચાલુ કર્યું. ત્યાં જીવનમાં આવતાં તોફાનનો સામનો કરવાનો આવ્યું.. ટેક્સપીનના ભાગીદારો છૂટા પડ્યા, મશીનોમાં આધુનિકરણ આવ્યું ને લેથ મશીનની જગ્યાએ CNC મશીન આવ્યાં. જેનો હિંમતથી સામનો કરી, પરિવર્તન સ્વીકારી ૪૦ લેથ મશીન વેંચી, ૪ CNC મશીન ખરીદ્યાં. જે ૨૦૦૪માં ૧૦ અને ૨૦૦૮ સુધીમાં ૧૬ CNC મશીન ઉપર બેરિંગનું ઉત્પાદન થતું હતું.૧૨૦ કામદારો ને રોજી રોટી મળતી હતી.

વર્ષ ૨૦૨૦માં ફરી એકવાર કસોટીનો સામનો કરવાનો આવ્યો..કોરોનાની મહામારી આવતાં ઉદ્યોગ ધંધામાં મંદી આવી. આ દરમિયાન તેમના પુત્ર હર્ષ મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂરો કરી પિતાના ધંધા જોડાવાનું નક્કી કર્યું. પિતા અજયભાઈએ પુત્રને સીધા ફેક્ટરીનો કાર્યભાર સંભાળવાને બદલે તેમના ઘડતર માટે,મહેનતનું મહત્વ, એડમિનિસ્ટ્રેશન અને ટેકનોલોજી જાણવા, રાજકોટ ખાતેની મોટી CNC કંપનીમાં બે વર્ષ એક પગારદાર કર્મચારી તરીકે નોકરી કરવા મોકલ્યા. આ અનુભવ મેળવી આવ્યા બાદ પોતાની ફેક્ટરીનો વહીવટ સંભાળ્યો. જેમણે રાણપુર ખાતે બે વર્ષના અનુભવ બાદ ફેક્ટરીને રાજકોટ શીફ્ટ કરવા નિર્ણય કર્યો. રાજકોટના શાપર વિસ્તારમાં ત્રણ વર્ષ ભાડાની જગ્યામાં મશીનો ફેરવી પ્રોડક્શન શરૂ કર્યું. કોરોના દરમિયાન બંનેએ બિહાર યુપીના શ્રમિક કામદારોને રાજકોટમાં પગાર ઉપરાંત, નિવાસ- રાશનની વ્યવસ્થા કરી માનવતા દાખવી સાચવ્યા.

લીમડીની મિલકતનું વેચાણ થતાં ૨૦૨૨માં ગોંડલ રોડ ખાતે પોતાની જગ્યા ખરીદી. જે વિશાળ ફેક્ટરી Trinket Eng. Pvt. Ltd. માં આજે નામના પાત્ર બ્રાન્ડેડ કાર તથા અન્યમાં ઉપયોગમાં આવતા બેરિંગનું મેન્યુફેક્ચરિંગ કરી રહ્યા છે. પિતાએ સંઘર્ષ, નાની મૂડી અને સખત પરિશ્રમ સાથે શરૂ કરેલ ઉદ્યોગ પુત્ર હર્ષે ૧૨-૧૪ કલાકની મહેનત, નવા વિઝન અને આધુનિકરણ સાથે વિકસાવ્યો. આ સંઘર્ષ અને સફળતામાં શ્રીમતી ધાત્રી અજય બુચ તથા શ્રીમતી ભૂમિ હર્ષ બુચનું ઘર સંસાર નું સુપેરે સંચાલન કરી તેમનું પરોક્ષ યોગદાન રહ્યું છે.

# ડાયાબીટીસના એક નવો ટેસ્ટ :

હવે એક નવો ટેસ્ટ નીકળ્યો છે જે મોટા ભાગના એમ. ડી. ડોકટરો સૂચવે છે તેનું નામ છે-

HbA1C અથવા Glycosylated Haemoglobin

આ ટેસ્ટના હકારાત્મક પાસાઓ (૧) તેને ભોજન સાથે કોઈ નિસ્બત નથી.

(૨) તે ગમ્મે ત્યારે રાત્રે બે વાગે પણ થઈ શકે છે.

(૩) તે ટેસ્ટ ત્રણ થી ચાર મહિનાની સરેરાશ સાકર તમારા લોહીમાં કેટલી છે તે બતાવે છે.

(૪) આનાથી તમને તમારું લોહીની સાકરનું તાજેતરનું સ્ટેટ્સ મળતાં સાવધાન થઈ જવાય છે અને ચાલવાનું, કસરત,પરેજી,દવા ના કડક નિયમન તરફ વળાય છે.

(૫) છ થી નીચે આંકડો આવે તો ડાયાબિટીસ નથી તેમ જણાય છે.

(૬) નીચે તમારા લોહીની ત્રણ ચાર મહિનાની સરેરાશ સાકરનો આંકડો આવે છે, જે ૧૪૦ થી નીચે અથવા ૨૦૦ થી નીચે હોવો જોઈએ (૭) આ એકદમ સચોટ, ભરોસાપાત્ર રિપોર્ટ છે.

(૮) પેલા બે ટેસ્ટના અદ્યતન લેબોરેટરી એક સેમ્પલના ૬૦/રૂ. લે છે બે સેમ્પલ ૧૨૦/રૂ થયા. ૧૨ મહિનાના ૧૪૪૦/રૂ. થયા. આ નવા રિપોર્ટના રૂ. ૬૦૦/ લે તો વર્ષમાં ત્રણવાર કરાવો તો ૧૮૦૦/ રુ. થાય પણ જમીને જવું,ભૂખ્યા પેટે જવું વગેરે પળોજણ માંથી બચી જવાય.ડાયાબીટીસનું સ્ટેટસ જાણવા આ રિપોર્ટ બહુ જરૂરી છે. જે હવે તો પાંચ મિનિટમાં પણ મળી શકે છે.

લોહીમાં સાકરના કેન્દ્રીકરણ પ્રમાણે હિમોગ્લોબીનના કણ સાથે ગ્લુકોઝના કણ જોડાય એટલે Glycoselated Hb અને સામાન્ય Hb ના કેટલા ટકા Gly Hb છે તે માપવામાં આવે. આશરે ૪ થી ૭% સારું ગણાય, તેનાથી Hbની આશરે છ અઠવાડિયા કે વધુ સમય દરમ્યાન સરેરાશ લોહી ના ગ્લુકોઝનું કેટલું કેન્દ્રીકરણ છે તે ખબર પડે. જરૂર લાગે તો લોહીનો ગ્લુકોઝ માપવો પડે.

આ ટેસ્ટ પણ અલગ અલગ લેબોરેટરીમાં અલગ અલગ પરિણામ આપે છે, તેથી એક જે લેબોરેટરીમાં કરાવવો.

એસ્પીરીન, વિટામિન E પણ ખોટો રિપોર્ટ આપી શકે છે.

સગર્ભાવસ્થા, હેવી બ્લિડિંગ,પાંડુરોગ,કિડનીના રોગોમાં ખોટો રિપોર્ટ આવી શકે.

આ બધાય નકારાત્મક પાસાઓને ના ગણકારતા આ ટેસ્ટ આજની તારીખે સસ્તો, સુલભ , સરળ,તરત મળતો, અતિ વિશ્વસનીય ટેસ્ટ છે. બાકી મધુપ્રમેહનો આંકડો સ્ટેબલ નથી રહેતો તે સમય સંજોગે બદલાતો જ રહેવાનો.

ખાસ નોંધ : મધુ પ્રમેહ અસાધ્ય રોગ છે તે મટતો તો નથી જ ફકત કાબૂમાં જ રહે છે. તેમાં DIET અગત્યનો ભાગ ભજવે છે પણ એક રમુજી ડોકટરે Diet નો બહુ જ સરસ અર્થ કાઢ્યો છે જે યથાર્થ છે

D= Drug

I= Insuline

E= Exercise

T= Periodical Test

વડોદરાના સિનિયર મોસ્ટ ફીઝિશયન સ્વ. ડો. ગિરીશભાઈ વૈષ્ણવના મત અનુસાર ગ્લુકોમીટર થી જે આંકડો આવે તે માંથી ૧૫/૨૦ બાદ કરવા કે ઉમેરવા તો તે નસના લીધેલા લોહીના નમૂનાને લગભગ સમાન આવે પણ આ એક અંદાજ માટે ઠીક છે બાકી ત્રણ મહિનાનો એવરેજ લોહીની સાકર નો ટેસ્ટ અને નસ વાળા વધુ વિશ્વસનીય છે.

-ડો. રાજેન્દ્ર કે. હાથી મો. ૯૮૨૪૪૮૯૫૧૭

## ચિત્ત તું હળુ હળુ ચિંતા કરજે! - મહેશ ધોળકિયા

અસલ તો ગુજરાતના રસિક ભક્ત કવિ દયારામનું આ મૃદુ- મધુર પદ છે :
'ચિત્ત તું શીદને ચિંતા કરે?'
મતલબ કે હે મનવા ! તું ઠાલા મફતની ચિંતા કરવી છોડી દે; કેમ કે,
કૃષ્ણને કરવું હોય તે કરે (તે જ થશે.)
વાત તો સો ટકા- આગલા જમાના પ્રમાણે ૧૬ આની- સાચી છે (ત્યારે એક રૂપિયાના ૧૬ આના થતા.) પરંતુ હે! રસરાજ કવિ! તમારી ને અમારી વચ્ચે બસો સવા બસો વરસો જેટલો કાળ પ્રવાહ વહી ગયો છે; અને તે દરમિયાન જનજીવન માંથી પ્રભુ શ્રદ્ધાની એટલી ઘાસણી થઈ છે; જમાનાની જીવનશૈલીએ એવી તો કરવટ બદલી છે કે, દયારામજી! આપના આ વચનને સહેજ બદલીને, થોડું નરમ બનાવીને ; જેમ ગયા યુગની મા, કડવી સોગઠીનો ઘસારો સ્તન્યમાં દૂધમાં મેળવીને પોતાનાં બચ્ચાને પાઈ દેતી, એમ જ હળવું કરીને આમ મૂક્યું છે- આપની અનુમતિની અપેક્ષાએ :

કાળને નદીની કલ્પના કરીએ તો, દયારામ જુનવાણી કિનારે બેઠા છે, અને આપણે આવી ગયા નવા આધુનિક કાંઠે.

ચિંતાની બાબતમાં તો આધુનિક માનવના જીવનમાં એવી વિલક્ષણ ઘટના બની છે કે ન કહેવાય ચિંતાની ગતિ વિધિ વધી છે કિન્તુ -પરંતુ જીવનના અનિવાર્ય હિસાબ તરીકે તે સ્થાપિત થતી જાય છે. જેના જીવતરમાં એક પણ મેજર ચિંતા નથી, તે પછાત ગણાવા લાગે તો નવાઈ નહીં!

દાખલા (દલીલ) થી સમજીએ તો આઝાદી પહેલાંના આપણા જન- જીવનમાં (આઝાદીને ચિંતા સાથે કંઈ લેવા દેવા નથી હો કે!) ગામડા ગામના કોઈ બાપને પડખેના શહેરમાં બળદ ખરીદવા ગયેલ દીકરાની ચપટીક ચિંતા થતી તે બહુ વિલંબ થાય તો જ્યારે આજે દીકરો ડ્રાઇવિંગ લાઇસન્સ લેવા જવાનો હોય ત્યારથી તોબા તોબા!!

હમણાં હું અમારા મિત્ર પાડોશી (!) મનવંત ઓઝા, અમારી કોલેજના લાઇબ્રેરીયન,ને મળવા તેમના નિવાસે ગયેલો, ત્યારે મોરની કળા જેવાં ચિંતાનાં એવાં તો વિવિધરંગી રૂપો પ્રગટ થયાં કે ગુજરાતી ભાષાની આ વિખ્યાત કહેવત ચિંતા 'ચિંતા સમાન' આજે હવે અપ્રસ્તુત બની ગઈ હોય એમ મને લાગ્યું. જાણે એ એની અર્થવતા કોઈ બેઠી હોય એવું લાગે છે. આમ, કહેવતની કોઈ નબળાઈને કારણે નહીં, પરંતુ જીવન શૈલીમાં -જીવન -મૂલ્યોમાં પરિવર્તન આવવાને કારણે બનવા પામ્યું છે.
ઓઝાભાઈને ઘેર વાત તેના નાના ભાઈ પરાગ વિશે ચાલતી હતી :
'જૂનાગઢમાં હોસ્પિટલની સુવિધા જરા-'
એક અવાજ સંભળાયો, થોડો ચિંતાતુર.
'અમદાવાદની સિવિલમાં તો મારા છોકરાને નહીં જ લઈ જવા દઉં' ચિંતામાં ડૂબેલો બીજો સ્વર.
મારાથી હવે ન રહેવાયું, મેં રીતસર વાતમાં ઝંપલાવ્યું,' '
પણ પરાગની માંદગી શું છે?'

ઓઝાભાઈ હસતાં હસતાં બોલ્યા,'એને કંઈ થયું નથી. એ સાજો નરવો છે.આ તો તાજેતરમાં રીઝલ્ટ ડીકલેર થયું અને પરાગને મેડિકલમાં પ્રવેશ મળ્યો છે. ચિંતા એણે ક્યાં ભણવું એની છે.' ના મારો છોકરો સુરત જેટલે આઘે ભણવા નહીં જાય' માજી તાડૂક્યાં! 'ચિંતા કરીને મરી જઈએ.'બાપુજી સોફા

પરથી ઊભા થઈ ગયા,'આ તમને નાની મોટી ચિંતા શાને થયા કરે છે? મને તમારા આ ચિંતાળુ સ્વભાવની બહુ ચિંતા છે! 'તે પરાગ ને નાનકો એના મામાને ઘેર રહેવા જાય છે, ત્યારે તમે ચિંતાથી આખું ઘર માથે લો છો, ત્યારે તમારા બી.પી. ની મને શું ચિંતા નહીં થતી હોય?

ઓઝા પરિવારને તેમના પુત્રના વિદ્યામથક વિશે ચિંતા કરતું છોડી, હું ચિંતા વિશે ચિંતન તરફ (ચિંતા વિશે ચિંતા તરફ નહીં હો!) વળી ગયો.

આધુનિક મનુષ્ય જગતની ચિંતા-ધારાની પહેલી ખૂબી એ લાગે છે કે, કોઈ આફત કે બુરી પરિસ્થિતિ વિશેની ચિંતા સમજમાં આવે, પરંતુ લાભનો સોદો હોય; આનંદનો પ્રસંગ હોય...

અધ્યતન ચિંતાનું એક સ્વરૂપ ગુજરાતના દાંડિયા જેવું છે. દાંડિયાનું એવું છે કે, એક જણ દાંડિયા ટીચતો હોય, એટલે બીજો દાંડિયા લઈને એની સાથે જોડાવાનો; અને જોત જોતામાં દાંડિયા -ત્રાસ- સોરી પૂરું વર્તુળ ભરીને દાંડિયા રાસ જામી પડે; એ જ રીતે પરિવાર કે કોઈપણ ગ્રુપમાં એક સભ્ય ચિંતા વ્યક્ત કરે, એટલે બીજો એમાં જોડાય -પછી ભલે પહેલાના ચિંતાળું સ્વભાવ વિશે જ એ બીજો ચિંતા ન કરતો હોય!? આખો સમુદાય ચિંતા કરતો ક્યારે થઈ જાય, તેની ખબર જ ન પડે ને!

પરંતુ આ ચિંતા કરનારા ને પાછળ મૂકી દે એવા ચિંતાકર્તાઓને મેં જોયા છે. બેઠા હોય ખંભાળિયામાં અને ચિંતા કરતા હોય પઠાણકોટ એક્સપ્રેસ ટ્રેનની!

'વાંચો, આ ન્યુઝ. છેલ્લા આઠ દી' થી મુંબઈ પઠાણકોટ મેલ ટ્રેન ચાર કલાક મોડી દોડે છે. બિચારા પેસેન્જરને કેટલી હાલાકી! બહુ ચિંતામાં ડૂબી જવાય!

આ તો ઠીક છે, માનવસર્જિત ઘટના છે; પરંતુ વિરાટ પ્રકૃતિ જ્યાં આપણી કોઈ ગતિ નથી, તેવી બાબતો સુધી પ્રજા પોતાની ચિંતાની જાળ ફેંકે છે અને કલ્પિત માછલાં વીણે છે :

'આ વખતે હિમાચલના કુલુ મનાલીમાં શું બરફ પડ્યો છે! ગાંડી બરફ વર્ષા! બિચારા લોકો! મને તેમની અપરંપાર ચિંતા થાય!'

એક બીજો સજ્જન રહી ગયો:

'શ્રવણ કોરો ને આ ભાદરવો પણ પૂરો થવા આવ્યો, વરસાદનું નામ નથી. તાપ જાલીમનો પડે છે. સૃષ્ટિનું શું થવા બેઠું છે? ગરીબ લોકો અને મૂંગા ઢોરની શું દશા! એનું કોણ બેલી? (એ પોતે ખાટ પર ઝૂલતા રહે!)

હવે તમે જ કહો, વાંચક બિરાદરો! કે- 'ચિંતા ચિતા સમાન'

એ વર્ણ સામ્યને કારણે ગમે તેટલી ચોટદાર કહેવત કેમ ન હોય, છતાં જનજીવનનાના સંદર્ભો બદલાઈ જતાં શું આજે એ અસંગત નથી લાગતી? નાના ભૂલકાં માટે સિવડાવેલા યા તો ખરીદેલા ઝબલા બાળક મોટા થતાં ટૂંકા પડી જાય એના જેવી આ ઘટના છે. એને બદલે આ કહેવતને આમ બદલવાની જરૂર છે : 'ચિંતા પિતા સમાન' મતલબ કે -ચિંતા આજે તો ઘણા ભાગે જીવનનો આધાર બનતી જોવા મળે છે. બે લોકોનો વાર્તાલાપ ચિંતાની આસપાસ જ ઘુમરાતો દેખાય છે. ચિંતા કરવાથી જાણે આપણે કોઈનું કલ્યાણ કરી રહ્યા હોઈએ, એવી તૃપ્તિ થાય છે. બીજી કોઈ રીતે સમાજમાં જેઓ પ્રતિષ્ઠિત નથી થતા, તેમની પાસે ચિંતાનું જ માધ્યમ રહે છે. ઘણા મહાનતાને આ રીતે મૂલવે છે : 'તે જ ઉદ્યોગપતિ સન્માનને પાત્ર છે, જેને પોતાના બ્લડ પ્રેશરની અને કિડનીની ચિંતા 24X7 સતાવતી હોય!....એટલે તો, હે માનવચિત્ત! તું જરી જરી ચિંતા -ફિકર તો ચાલુ જ રાખજે; એમાં જ 'સ્વ' નું અને સર્વનું કલ્યાણ હોય, એવું અત્યારે તો લાગે છે!

## આધ્યાત્મિક ગુરુ સ્વામી વિવેકાનંદ

દેશમાં અને પરદેશમાં આપણી સંસ્કૃતિ અને સંસ્કારની મશાલ પ્રજ્વલિત કરનાર સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૮૬૩ માં થયો હતો. તેથી આ પવિત્ર દિવસ રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે.

'ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' નું સૂત્ર આપનાર વિવેકાનંદજી આધ્યાત્મિક નેતા અને સમાજ સુધારક તરીકે ખ્યાત છે. સાક્ષાત જગદંબા માતા સાથે વાર્તાલાપ કરનાર રામકૃષ્ણ પરમહંસ જેવા મહાન ગુરુના તેઓ શિષ્ય હતા. આપણા ભારત દેશની સંસ્કૃતિનું અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં પ્રચાર પ્રસારનું ભગીરથ કાર્ય તેઓએ કર્યું હતું. ૧૮૯૩માં શિકાગોની ધાર્મિક પરિષદમાં ભગવાં વસ્ત્ર ધારણ કરી મારા ભાઈઓ તથા બહેનો દ્વારા સંબોધન કરતાં સભા ગૃહ તાળીઓના ગડગડા થી ગુંજી ઉઠ્યું હતું. રામાયણ ગીતા અને ઉપનિષદ જેવા ગ્રંથો જીવનમાં અપનાવવાની તેઓએ પ્રેરણા આપી છે.

તેઓ એક મંદિરમાં પ્રાર્થના કરવા ગયા, જ્યાં ગરીબ બાળકો જોઈ ને દુ:ખી થઈ ગયા અને બહાર પાછા વળી ગયા. સ્વામી વિવેકાનંદે કહ્યું, "મને એ મંદિર કે દેવ પૂજા નથી જોઈતી જ્યાં ગરીબ બાળકો ભૂખ્યાં હોય!"

એકવાર તેમના શિષ્યએ પ્રશ્ન કર્યો, કે જીવનમાં સફળ કેમ થવું. તેઓએ કહ્યું, "પ્રયત્ન અને શ્રદ્ધા એ બે સાધનો છે, જે માનવને શ્રેષ્ઠતા તરફ લઈ જાય છે. ક્યારેય ડરવું નહીં અને હંમેશા લક્ષ્ય પર ધ્યાન આપવું. એમના અનુસાર ભગવત્ ગીતા વાંચીને પણ સાથે સાથે કુસ્તીની કસરત પણ કરો, મજબૂત દેહ વગર મજબૂત મન શક્ય નથી. જાતિ કે ધર્મથી ઉપર ઉઠો માનવતાને પ્રથમ સ્થાને રાખો... વિરાટ વિભૂતિને શત શત નમન!

- નિખિલ પંડ્યા વિરાર-મુંબઈ

## વ્હોટસએપ હેકીંગ-ફ્રોડ અંગે...

ગત તા.૧૭/૧ના મારૂં વ્હોટસએપ હેક થયું હતું તે કદાચ જાણતા હો, કેવી રીતે થાય છે તે પણ જાણતા હો પરંતુ જેઓ અજાણ હોય, તે સૌને હેકીંગ-ફ્રોડની નવી રીત જાણવા-સચેત રહેવા આ જાણકારી આપી રહયા છીએ.

'તમારા વ્હોટસએપ ઉપર એક કોડ આવ્યો છે તે મને તુરત મોકલો' અંગત મિત્ર/સગાનો આ મેસેજ વાંચી, મેં તેને કોડ મોકલ્યો ને મારૂં વ્હોટસએપ હેક થઈ ગયું,આ કોડ તેણે મોકલ્યો જ ન હતો.ફ્રોડ હતો. ઘણાની સાથે પણ આમ થયું..અને તે દરેકના વ્હોટસએપ હેક થતા ગયા, અને મારા/અમારા-કોન્ટેકટ ફોન નં.અજાણી વ્યકિત પાસે ગયા... આમ ચોરી લીધેલા આ બધા જ નંબર ઉપર મારા/(હેક થયા હોય તે બધાના) નામે ૧૦/૨૦ હજારની માંગણી કરતા મેસેજ તેમણે મોકલ્યા જે ખરેખર ખોટા હતા,જે મે/અમે આ મેસેજ ન હતા કર્યા. ચિંતિત શુભેચ્છકોના અને જાગૃત-સજાગ સગા-સંબંધીઓના સતત ફોન આવવાના શરૂ થઈ ગયા, ત્યારે ખબર પડી કે મારૂં વ્હોટસએપ હેક થયું છે, બાદમાં તુરત જ મારા પુત્ર દ્વારા અમારા સગા, સંબંધી,ગ્રુપ્સ,મિત્રોને સૌને મળેલ ફ્રોડ મેસેજને ઈગ્નોર કરવાની જાણ કરતાં, તુરત જ સહુના પોતપોતાના વર્તુળ દ્વારા હેક/ફ્રોડના આ સમાચાર દેશ-વિદેશમાં પ્રસારિત થતા ગયા.આમ આ સમયે સોશ્યલ મીડિયાની પહોંચ- ઉપયોગિતાનો પણ પરિચય થયો. સાથ આપનાર સૌ કોઈના હું/અમે આભારી છીએ.

જ્યારે કોઈનું પણ whatsapp હેક થાય તો, સાયબર ક્રાઈમના નં.૧૯૩૦ ઉપર જાણ કરી આપણે જ G Mail માં support@ support. whatsapp. com ઉપર મેઈલ દ્વારા જાણ કરતાં વ્હોટસએપ ફરી ચાલુ થાય છે..મારે પણ થઈ ગયું છે. ભવિષ્યની સલામતી માટે સીક્યુરીટી કોડ નાખી દેશો. બીજી નોંધ કે રકમ ગુમાવનાર/ મોકલનારે જ ૧૯૩૦ ઉપર ફરિયાદ નોંધાવવી પડે છે.જે વહેલાસર નોંધાવી દેવી.સંબંધને કારણે રકમ મોકલી હોય ને ગુમાવી હોય તો મને/અન્યને જાણ તો કરશો જ. નવી ટેકનોલોજી/રીતથી વધતા જતા ફ્રોડ/નેટવર્ક સાયબર તંત્રની પહોંચ બહારનું મોટું થતું જાય છે ત્યારે આપણે પણ સજાગ રહી,ખુલ્લા મને દરેકને આવી બાબત જણાવતા રહીએ, જેથી ક્યાંકથી પગેરૂં મળે તો ચેઈનની કડી તૂટે પણ ખરી,જેનો લાભ સૌને મળે.-વિરેન ધોળકિયા.

# મોબાઈલ વગરનો માણસ

અનિકેત હાંફળો ફાંફળો થઈને આખા ઘરમાં ખાંખા ખોળા કરતો હતો. એને આટલો ટેન્શનમાં કોઈ દિવસ જોયો ન હતો.
અંદરથી પત્નીએ આવીને પૂછ્યું: શું થયું?
તેને હાથથી દૂર ખસવાનો ઈશારો કરી તે બીજા રુમમાં દોડ્યો, ગાદલાં ઊંચા-નીચા કર્યા, તકિયા પછાડ્યા, ચાદર પણ ખંખેરી જોઈ..
'કઈક બોલો તો સમજ પડે ને?'
'મોબાઈલ નથી મળતો.'.
'લાવો રિંગ મારુ.. એમાં શું?
આ તો પત્નીને માટે રોજનું હતું. આજથી થોડા વર્ષો પહેલાં જ્યારે મોબાઈલ ન હતા, ત્યારે તે હંમેશ અનિકેતનાં ઓફિસ જતી વખતે સ્કૂટરની ચાવી શોધી આપતી. કોઈવાર ગોગલ્સ.. હવે એમાં આ મોબાઈલનો વધારો થયો. તે ખોવાયેલ વસ્તુ શોધવામાં પાવરધી થઈ ગઈ હતી. રોજની પેક્ટિસ ખરી ને?
અને મોબાઈલ તો શોધવું સાવ સહેલું.
'મારામાં અક્કલ નહીં હોય? રિંગ મારી જોઈ.. પણ ક્યાંય સંભળાતી નથી'. પત્ની એ પણ પ્રયત્ન કરી જોયો.
'ખરી કરી...' છેલ્લે ક્યારે હાથમાં હતો તે યાદ કરવા માંડ્યુ.. ક્યાંક ઓફિસથી આવતાં રસ્તામાં જ પડી નથી ગયો ને? તેને ધ્રાસ્કો પડ્યો.
અનિકેતે પાડોશી પણ સાંભળે તેટલાં મોટેથી અરે..રે કરીને પોકાર કર્યો.
'હવે? હવે?..... હ....વે...?'
હવે! બંને એકબીજા સામે લાખો રૂપિયાની ખોટ ગઈ હોય તેમ ગુમસુમ બની જોતાં બેસી રહ્યા.
ચાલવા જવાનો રોજ સાંજનો ક્રમ હતો. પણ મોબાઈલ વિના પગલાં માપીને કેટલું ચાલ્યા એ કોણ કહેશે? એ વિચારે ફરવા જવાનું માંડી વાળ્યું. હજી રાત પડી ન હતી. સાંજે ટી વીમાં કઈ સારા કાર્યક્રમ આવતા ન હતા. અનિકેત ઘરમાં હોય એટલે કાં તો હાથમાં ટી વીનું રિમોટ હોય કાં મોબાઈલ.
શું કરવું હવે?
'લાવ મિત્રને ફોન કરું...' અરે પણ ફોન ક્યાં? અને પત્નીનાં મોબાઈલમાં ફ્રેન્ડનો નંબર ક્યાં હતો જ?
'તો? બીજા કોઈ સાથે વાત કરો ..' પત્નીએ સલાહ આપી.
'કોની સાથે? તારા ફોનમાં તો બધા સગા-વ્હાલાનાં જ નંબર છે..'
'એ ખરું... પણ એ ય ક્યાક તો બોલશે ને? માણસ જ છે ને?'
પતિએ મોઢું બગાડ્યું. તારો મોબાઈલ છે કે ઠાઠિયું એ જ ખબર નથી. નહીં મ્યુઝિક, નહીં નેટ.. બાવા આદમનાં જમાનાનો છે.
'પણ મુખ્ય કામ વાત તો થાય જ છે ને?'
'માથું ન ખાઈશ. મારુ માથું દુખે છે.' આજનો બાકી રહેલ દિવસ, આજની રાત અને કાલે દુકાન ખૂલે ત્યાં સુધીની સવાર મોબાઈલનાં વિરહમાં કેમ જશે તે વિચારે અનિકેત વ્યાકુળ હતો. 'અરે રે! બહાર જતી વખતે હાથમાં પાકીટ લેવાનું યાદ રાખવું પડશે.'
'મારી પોસ્ટમાં અત્યાર સુધી કેટલા લાઈક આવી ગયા હશે, તેને જવાબ આપવાના બાકી છે.. મારે કેટલાય સસ્તા હાસ્યનાં વિડીયો જોવામાં મોડુ થશે. અને ગેમ તો કોણ જાણે ક્યારે રમાશે? હે ભગવાન!'
તેને ધ્રાસકો પડ્યો.
એક દોઢ દિવસ મારી ઈમોજી,લાઈક,રિલ,કમેન્ટ અને રિટ્વિટ વિના મારી કેટલી નામોશી થશે? બીજું મારી ગેરહાજરીમાં ક્યાંક સોશિયલ મીડિયાવાળાનું પ્લેટફોર્મ બંધ નહિ થઈ જાય ને? વોટ્સ એપ ગ્રૂપ સૂના નહિ પડી જાય ને? મારી શોધખોળ

ચાલુ થઈ જશે કે મારા જીવતા હોવા વિશે અટકળો ચાલુ થઈ જશે.કારણ માણસ ( એનું સ્માર્ટ ડબલું) ઓનલાઇન સક્રિય હોય એટલે સમજવાનું કે બધું બરાબર છે.

સમજુ પત્ની કડક-મીઠી ચા બનાવીને લઈ આવી.

'ચાલો બહાર હીંચકે બેસીએ.' બંને હીંચકે બેઠાં. ચાની ચૂસકી લેવા માંડ્યા.

વાહ! અનિકેતને ચા ચડી હોય તેમ લાગ્યું. વાયરાનાં હળવા સ્પર્શે પીળા ફૂલોની ડાળી ડોલી રહી હતી. વાતાવરણમાં પારિજાત ની મીઠી સુગંધ પ્રસરી રહી હતી.દૂર ક્ષિતિજમાં ડૂબકી મારતા સૂરજનાં કંકુવર્ણથી આખું આકાશ રતુમડું થઈ ગયું હતું.

'અરે! આ પોપટ તો બર્ડ ફીડમાં ઉપર બેસી વાંકો વળીને દાણા ખાય છે. જો તો!'

હું તો રોજ જોઉ છું...

ત્યાં જ સિનિયર સીટીઝન પાડોશી (જેમનાં કાનપુરમાં થોડી હડતાળ હતી) નાં મોટેથી વાગતાં ટી વી માં પ્રવચન કરતાં સ્વામીજીએ કહ્યું: 'માણસ દુઃખી એટલે છે કે તે અંદર નથી જોતો.. આસપાસ જુએ છે.'

અનિકેત જાણે ઉત્તર રૂપે સ્વગત બોલ્યો: 'આસપાસ જોતો હત તો પણ વાંધો નહીં, માણસ તો સ્ક્રીનમાંથી ઊંચે જ ક્યાં જુએ છે?'

- શીતલ દેસાઇ,વડોદરા.

## પુસ્તક વિશે મહાનુભાવોના મંતવ્ય :

- ધન લાભ, શક્તિ બળ, આયુષ્ય બળ આ બધા કરતાં પણ મહાન છે.
- પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે. -તત્વચિંતક થોરો
- પુસ્તકાલય જ્ઞાનની પરબ છે, વિચારોના યુદ્ધમાં પુસ્તકો જ શસ્ત્ર છે. - બર્નાર્ડ શો
- મારે મન સાહિત્ય એ વ્યક્તિના કુટુંબના સાચા સંસ્કારને માપદંડ છે. - નોબલ પ્રાઈઝ વિજેતા બર્ટન રસેલ
- જે ઘરમાં પાંચ પુસ્તકો ન હોય તે ઘરમાં દીકરી ન દેવાય. - ગુણવંત શાહ
- પુસ્તકો રાહ ચિંધનારા, દિશા દેખાડનારા અને પ્રતિભા સર્જનારા પરિબળો છે. - નીરજ ચૌધરી
- જે સુખ તમને અનંત સમૃદ્ધિ માંથી નહીં મળી શકે તે સુખ તમોને ઉત્તમ પુસ્તકો માંથી મળશે. - સ્વામી વિવેકાનંદ
- સારાં પુસ્તકો જેવો કોઈ કાયમી મિત્ર નથી.- લોંગ ફેલો
- પુસ્તકો આપણા જીવનનો માઈલ સ્ટોન છે, સંસ્કારી માતાઓએ બાળકોને રમકડાંની સાથે પુસ્તકો પણ આપવાં જોઈએ.
- પુસ્તકો સમાજમાં અનેક ક્રાંતિ સર્જે છે વિદ્યારૂપી ધનના અખૂટ ભંડાર સમાન પુસ્તકો વિચાર અને સમજણની નવી ક્ષિતિજો ના દ્વાર ખોલે છે.
- પુસ્તકો અને પ્રાર્થના માણસને ત્રિલોકનો સ્વામી બનાવે છે,પુસ્તક કશું પણ બોલ્યા વિના કહી સંભળાવવાની કલા ધરાવે છે. પુસ્તક મૃત્યુલોકનું કલ્પવૃક્ષ ને સમાજની કામધેનુ ગણાય છે.
- અજવાળું કરે તે આદિત્ય અને જીવન સુધારે તે સાહિત્ય.

## <u>સુવિચાર :</u>

- જે ઘેરથી અતિથિ નારાજ નિરાશ થઈ જાય છે તે ઘરનું પુણ્ય નાશ પામે છે.
- જિંદગી ન્યુઝ પેપર જેવી છે જો તમે આજના છો તો કામના છો જો જૂના થઈ ગયા છો તો ફરસાણના પડીકા બનશો.
- એમ જ નથી જીવી રહ્યો, આ જિંદગી હું, ઘણું બધું જીવનમાં શીખતો જાવ છું હું.
- મા બાપની મિલકતમાં બધા જ ભાગ પાડતા હોય છે પરંતુ મા બાપની સેવા કરવામાં કોઈ ભાગ પાડતું નથી.
- ભૂલનો બચાવ કરવા કરતા ભૂલની કબુલાત કરવામાં બહુ ઓછો સમય લાગે છે.
- જે તદ્દન નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે, તેને અનાયાસે જ અપાર સુખ મળે છે.
- જેટલું મોટું દિલ રાખ્યું એટલા જ વધારે એમાં ઘા પડ્યા.

- સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી રાજકોટ

## સત્સંગનો મહિમા

ભારતીય સંસ્કૃતિમાં સત્સંગનો મહિમા અપરંપાર છે.સત્સંગ એટલે સંતોનો સંગ.સદ્ગ્રંથોનો સંગ.સંતોનો સંગ પ્રારબ્ધથી નથી થતો.પ્રારબ્ધથી તો ભોગ મળે છે.સત્સંગ ભગવાન અને સંતોની કૃપાથી જ મળે છે.

બિનુ સત્સંગ વિવેક ન હોઈ,રામકૃપા બિનુ સુલભ ન હોઈ' સકામ પુણ્ય સંચય ખૂબ જ હોય તો ઈન્દ્ર બની શકાય પણ તેનાથી કંઈ સત્સંગ નથી મળતો.જગદ્ગુરૂ શંકરાચાર્યે મનુષ્યત્વ, મુમુક્ષત્વ અને મહાત્માનું શરણ—સત્સંગને દુર્લભ માન્યા છે.આવો સત્સંગ પશુને કે દેવને ઉપલબ્ધ નથી.આ બંને ભોગયોનિ છે. આ અતિ દુર્લભ મનુષ્ય જન્મમાં સત્સંગ માટે સભાન પુરૂષાર્થ આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે.

દત્તાત્રેય ભગવાને ૨૪ ગુરૂઓ બનાવ્યા છે.તેમણે પોતાની ભેંસને પણ ગુરૂ બનાવી છે.તે ઘાસ તો ઝડપથી ખાઈ લે છે, પછી તેને વાગોળ્યા કરેછે.ગુરૂજ્ઞાનને વાગોળ્યા કરવું તે મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય છે.

એક માણસ જંગલમાં ભૂલો પડયો.હાથીઓનું ઝૂંડ તેની પાછળ પડયું.હાથીઓથી બચવા તે માણસે દોડવા માંડયું.ત્યાં તેને ગુફા દેખાઈ.તે ગુફામાં ઘુસ્યો તો ત્યાં વિકરાળ સિંહ બેઠો હતો.આ તો આસમાનથી ટપક્યાં ને ખજૂર પર લટક્યા જેવું થયું! સંસાર જલતી આગ છે.એમ માની ધરતી દાઝી જંગલમાં ગઈ તો જંગલમાં આગ લાગી! સંસારથી ભાગો છો કિન્તુ વિકરાળ સિંહ તો તમારી ભીતર જ બેઠો છે તેનું શું કરશો? 'બલિહારી ગુરૂ આપકી ગોવિંદ દીયો બતાય' ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ અને સત્સંગનો મહિમા અપરંપાર છે.

એક શેઠ હતા.રોજ સંત્સંગમાં જતા.પહેલી હરોળમાં બેસતા.અશ્રુસભર નૈને ભાવવિભોર બની સત્સંગ સાંભળતા.રોજ ગુરૂ શેઠના આગમન પછી જ ગુરૂ કથાની શરૂઆત કરતા.પ્રસન્ન ચિત્તે શેઠ કથા સાંભળતા.

પરિવર્તન જગતનો નિયમ છે.સુખ—દુઃખ,ચડતી—પડતી,નફો—નુકશાન એ તો સિક્કાની બે બાજુઓ છે.હવે બન્યું એવું કે શેઠના વેપારમાં ખોટ આવી ત્યારે શેઠ ભાંગી પડયા.તેમણે સત્સંગ મૂક્યો નહિ.નિયમ પ્રમાણે શેઠ રોજ સત્સંગમાં આવતા.કિન્તુ પહેલા જેવી પ્રસન્નતા ક્યાં? નિરાશા,ઉદાસીનતા ને વિચલિતતા તેમના મુખ પર સ્પષ્ટ દેખાતા હતા.આ જોઈને ગુરૂએ એક દિવસ તેમને સામેથી બોલાવ્યા.હતાશાનું કારણ પૂછયું.શેઠે તો પોતાના કથળતા વેપારની વાત કરી,મન હલકું કરી દીધું.અંધકારમાં પ્રકાશનો માર્ગ બતાવે તે ગુરૂ.ગુરૂ પાસે એક પારસમણિ હતો.આ પારસમણિ ગુરૂએ શેઠને આપ્યો ને કહયું—'તારા લોખંડના પીપડામાં નાખજે.ચોવીસ ઘડીમાં પીપડું સોનાનું થઈ જશે.એ સોનામાંથી તું ફરી વેપાર ચાલુ કરી દેજે.'

શેઠ હવેલીએ ગયા.અંધારિયા રૂમમાં લોખંડના અગણિત પીપડાઓ પડયા હતાં.તેમાંથી સૌથી મોટા પીપડામાં શેઠે પારસમણિ નાખ્યો.ચોવીસ ઘડી—ચોવીસ કલાક,અરે,ચોવીસ દિવસ ગયા.પીપડું લોખંડનું જ રહયું.શેઠે મોટો નિસાસો નાખ્યો. આ ચોવીસ દિવસ પછી શેઠે પાછું સત્સંગમાં જવાનું ચાલુ કર્યું.ગુરૂને થર્યું..આ શું! નહિ આનંદ,નહિ ઉત્સાહ—ઉમંગ?

ગુરૂએ શેઠને બોલાવ્યા,પછી પૂછયું, 'પારસમણિની ઉપલબ્ધિ પછી પણ તમારા મુખ પર નિસ્તેજતા કેમ છે? શેઠ બોલ્યા :' વિધાતાની સાથે તમે પણ મારી ક્રૂર મજાક કરી? પીપડું તો ચોવીસ ઘડી, ચોવીસ કલાક અરે ૨૪ દિવસ થયા સોનાનું થયું નથી.

ગુરૂ સિદ્ધ હતા.પારસમણિ સાચો હતો.ગુરૂ શેઠ સાથે હવેલીના અંધારિયા ઓરડામાં ગયા.જે પીપડામાં પારસમણિ તેની ઉપર નિસરણી મૂકી.દીવાના અજવાળામાં જોયું તો પારસમણિ જાળામાં અટકયો હતો.લોખંડને સ્પર્શ જ થયો નહોતો પછી સોનુ કેવી રીતે થાય?આ જ પ્રમાણે જન્મ જન્માંતરની આપણાંમાં ઈચ્છાના—વાસનાના અતૂટ જાળા બાઝેલાં છે તેથી ગુરૂઓના—સંતોના શબ્દ રૂપી પારસમણિ આપણા અંતઃકરણને સ્પર્શતા નથી.

સત્સંકુત્વે નિસંગકુત્વં (ભજ ગોવિંદમ્ ૯)..સત્સંગ દ્વારા અનાશક્તિ જન્મે છે.અનાસાક્તિથી મોહની નિવૃત્તિ થાય છે. મોહનિવૃત્તિ થતાં સત્ તત્વનો બોધ થતાં જીવનમુકત થવાય છે.આ સંસાર સમુહમાં જીવો,કાંચન અને કીર્તિ પાછળ તણાયે રાખે છે.તો તે જ જેનો સદ્ગુરૂ હાથ પકડે છે.

ભજગોવિંદમ્ના એક શ્લોકમાં કહયું છે,'ભગવદ્ ગીતા અને વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરો,શ્રી લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાનનું નિત્ય ધ્યાન કરો.ચિત્તને સત્સંગમાં લઈ જાઓ,દીન—દુખિયાને વિત્ત દાન આપો,લોભ મોહ ત્યજી ગરીબોને દાન આપો. શાસ્ત્ર ભાષામાં કહીએ તો અપરિગ્રહ અપનાવો.'હું મોટો દાનેશ્વર છું ' તેવું અભિમાન ન જાગવું જોઈએ.અહંકારને ઓગાળવા દાન કરવાનું છે.વેદ—ઉપનિષદના જ્ઞાનનો કૂવો ગીતા છે.મોક્ષ શાસ્ત્ર છે.ગીતાજ્ઞાન ભવસાગર પાર કરવાનું સાધન છે.ચોક્કસ વશિષ્ઠઋષિ અને સાંદિપની ઋષિએ ગાયું હશે : 'ગોખથી હેઠાં ઉતરો વ્હાલા,ત્યાં તો પથ્થર લાગો છો,માનવ રૂપ ધરો છો ત્યારે સાચા ઈશ્વર લાગો છો !'આ જ છે રામ અને કૃષ્ણના પ્રાગટ્યનું રહસ્ય.

મારૂં વ્હોટસએપ હેક થતાં 'રી—ઈન્સ્ટોલ' કરતાં એકાદ મહીનાનો ડેટા રીકવર નથી થયો તેથી જેઓએ સમાચાર કે અન્ય મોકલ્યા હોય અને આ અંકમાં પ્રકાશિત ન થયા હોય તો ફરીથી મોકલી આપશો.—વિરેન ધોળકિયા

વેદાન્તની ભાષામાં કહું તો—

ઝળહળ દીસે ઝળહંતી, બ્રહ્માંડે પ્રણવ જ્યોતિ
ચેતન સુધા સ્હાવંતી,એ દિવ્ય પ્રણવ જ્યોતિ
પ્રકટ વૈખરીમાં,ૐકાર પ્રણવ જ્યોતિ
રોમ રોમ રણકે,એ રમ્ય પ્રણવ જ્યોતિ
—પૂજ્ય સૂરેશ્વરાચાર્ય

મન હરણ જેવું ચંચળ છે,તેને વાંદરા જેવું,પારા જેવું કહયું છે.મનની ચંચળતાને રોકી શકાતી નથી.તનમાં જ તેનો વાસ છે.તોયે કોઈ રીતે હાથમાં આવતું નથી,પરંતુ અનહદ નાદ શ્રવણે પડતાં જ તે શાંત થઈ જાય છે. પ્રણવ જ્યોતિની ઉપાસના એ ગુરૂ ઉપાદિષ્ટ સાધના છે. સબસે બડા રોગ,ક્યા કહેંગે લોગ?...લોકો શું કહેશે એવું વિચારીને જીવતા હો, તો હવે પછી ગુરૂ,ઈશ્વર, અંતર્યામી શું કહેશે? એનો પણ વિચાર કરો.

સદ્ગુરૂ કહે છે શ્વાસનો વિશ્વાસ કરવા જેવો નથી.તે કીધા વગર જ બંધ પડી જાય છે,માટે કાલે કરવાના કામ આજે જ કરો.

— ડો. ઉન્નતિ પ્રકાશ પંડયા,મુંબઈ.

કલ્પના

કલ્પના એ કલ્પના છે,
યથેચ્છ વિચારની મુડી છે,
વિહાર કરવાનો બગીચો છે.
ન કોઈ રોક ન કોઈ ટોક,
સીમા પાર કરો તો પણ ન કોઈ પૂછે
મુછમાં હસવાનો કદીક આનંદ મળે
રૂદન કે આંસુ સારવાની વાત જ ન આવે
ફક્ત આનંદ જ આનંદ
એવો વિહાર કરી કેમ જીવવું
જ્યાં દુઃખ કે પીડાની વાત જ નહિં
ફક્ત સ્વર્ગની કલ્પના અભિભૂત કરે.

— પિનાક સૂર્યશંકર શુક્લ,રાજકોટ.

## એબીએમ ટ્રાવેલ્સનો 'રજત જયંતી વર્ષમાં પ્રવેશ – સૌને નવા વર્ષના અભિનંદન

સહર્ષ જણાવતાં ગર્વ અનુભવીએ છીએ કે આજના શુભ પ્રભાતે એ બી એમ ટ્રાવેલ્સ ૨૫મા વર્ષમાં -રજતજયંતિ -વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આ સફરમાં આપ સૌના ઉષ્માભર્યા સહકારથી અમને આગળ ને આગળ વધવાની આશા બંધાય છે.

એબીએમ ટ્રાવેલ્સમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને જેઓએ દેશ વિદેશની યાત્રા કરી છે તેવા નીચે મુજબના ગ્રાહક સભ્યોના અમો અત્યંત આભારી છીએ..

**પાંચથી વધારે પ્રવાસ કરનાર**..પ્રતિમા ગૌતમભાઈ દેસાઈ, જયેશ રાજુલ છાયા, મીના મહેતા, પાર્થિવ સ્નેહલ મહેતા, જયશ્રીબેન ભોજાણી,

**બેથી વધારે વખત પ્રવાસ કરનાર**.. પરાશરભાઈ ઢેબર, રાજેશભાઈ બક્ષી, પ્રફુલ્લાબેન જોશી, ભાવના દેવાંશુ મહેતા, હરેશભાઈ નાયક, જનાર્દનભાઈ કિકાણી, કેતનભાઇ ધોળકિયા, ઉત્સવભાઈ ધોળકિયા, પરાગ -હિરલ ધોળકિયા, શતાક્ષી-યક્ષેન્દ્ર ઓઝા, હેમાંગ-હેતલ મહેતા, વિરલભાઈ ઓઝા, વિમલભાઈ વોરા, હિમાંશુ ભાઈ વૈદ્ય, આદિત વૈદ્ય, મંદાર-પ્રેક્ષા દેસાઈ, ઋત્વિજ વૈષ્ણવ, સૌરભ ઘોડા, જ્યોત ઘોડા, મનીષા આકાંક્ષા વૈદ્ય, કલી ફર્નાન્ડો, પ્રશાંત-હિમાની ઢેબર, જીતેશભાઈ ઓઝા, વૈષ્ણવી મહેતા, કુંજલભાઈ વસાવડા, પ્રહર્ષ-નૈસર્ગી વસાવડા, ઉત્કર્ષ હાથી, પ્રાચી રીલકર, દર્શના દેસાઈ, મયુર બુચ, ઝીલ કલગી દેસાઈ, અરુણ પ્રમોના છાયા, જય સાવલિયા, જયેશ જાની (સાઉથ આફ્રિકા)

**નવા વર્ષ ૨૦૨૫નુ નજરાણું - એબીએમ ટ્રાવેલ્સ મે- ૨૦૨૫માં ખાસ હાટકેશ પરિવાર માટે સિંગાપોરના પ્રવાસનું આયોજન :**

૪ રાત્રિ/૫ દિવસ- ૨૧ મી મે ૨૦૨૫.- બુધવાર

૩ સ્ટાર હોટેલ,બેકફાસ્ટ, ડિનર,સાઈટ સીઇંગ.

કોસ્ટ : સિંગાપોર ડોલર ૯૪૫+ વિસા ₹. ૩૫૦૦+ એરફેર

(અત્યારના રેટ ઓફ એકસચેન્જ સિંગાપોર ડોલર ૧ = ₹ ૬૩.૫૦ પ્રમાણે અંદાજીત ₹ 98,999,- સબજેક્ટ ટુ ચેઇન્જ- એરફેર અને રેટ ઓફ એકસચેન્જ)

તૈયાર થઈ જાવ મિત્રો કે સહપરિવાર સાથે ખાસ હાટકેશ પરિવાર માટેના પ્રવાસ માટે...

**વધુ પુછપરછ અને નામ લખાવવા-**

**અવિનાશ મહેતા - ૯૮૨૦૮૧૭૩૧૮**

abmtravels@gmail.com

**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર(પાટણ)**
**ફોન : ૦૨૭૬૭-૨૨૧૯૩૫**
**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯**

**કુરિયર/ટપાલમાં નીચેના સરનામે આ મેગેઝીન ડિલીવર ન થાય તો ફાઈન આર્ટ /IBiz, કોટેચાનગર મેઈન રોડ,કોટેચા સ્કૂલ બિલ્ડીગના સરનામે પાછું મોકલશો.**

**BOOK POST**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.